## દર્શન દેજો રે

(ફિલ્મઃ  હરિશ્ચંદ્ર તારામતી)

દર્શન દેજો રે, દર્શન દેજો રે, મા શક્તિશાળી,
ગોરી ગરબે ઘુમી ના દેતી તાળી,
દર્શન દેજો રે મા ચત્રભુજાવાળી...આરાસુરવાળી.
ગરબે ગરબે ઘુમી ને દેતી તાળી,
સિંહ વાહને અંબાજી ઓપે,
દાનવ સંહારી જબદંબા કોપે,
આરાસુરવાળી મા બિરદાળી રે...
ગોરી ગરબે ઘુમી ને દેતી તાળી...બહુચરબાળી...
ખડગ હાથે ને વિંઝણો સાથે.
માડી બિરાજ્યાં કુકડા માથે,
રક્ષા કરો મા બહુચરવાળી
ગોરી ગરબે ઘુમી ને દેતી તાળી.
સોળે શણગાર શોભે સાડીને અંગે,
દીપે પાવાગઢવાળી કંકુના રંગે,
પાવાગઢવાળી મહાકાળી રે...
ગોરી ગરબે ઘુમી ને દેતી તાળી
ખોડીયાર વાળી રે
ખમ્મા કરો મા ખોડીયાર,
માતા દાનેશ્વરી મા ભક્તોની દાતા.
ખમ્મા ખમ્મા મા ત્રિશૂળવાળી રે,
ગોરી ગરબે ઘુમી ને દેતી તાળી... દર્શન દેજો રે.

------